ગણપત યુનિવર્સિટીની યુ.વી. પટેલ એન્જિનિયરિંગ કોલેજનો ઓનલાઈન ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ગણપત વિદ્યાનગર, તા. ૩૧

રાજયની પ્રથમ પંક્તિની અને 'હાઈટેક' તરીકે ખ્યાતિ પામેલી ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ એન્જિનિયરીંગ અને ટેકનોલોજીની યુ.વી. પટેલ કૉલેજ ઓફ એન્જિનિયરીંગમાં આ વર્ષે એડમીશન લીધું હોય એવા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં જ એક 'ઓનલાઈન ઓરિએન્ટેશન' પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

લગભગ ૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓ અને વાલીઓ જેમાં ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા. તેવા ઓરિએન્ટેશન પ્રોગ્રામમાં પ્રારંભે યુનિ.ની ફેકલ્ટી ઓફ એન્જિ એન્ડ ટેકનોલોજીના ડીન અને યુ.વી. પટેલ કૉલેજ ઓફ એન્જિ.ના પ્રિન્સિપાલ ડૉ. કિરણ અમીને સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે આ સંસ્થામાં પ્રેક્ટિકલ બેઈઝ લર્નિંગને પ્રાધાન્ય આપવામાં આવે છે. ઉપરાંત શિસ્ત, નિયમિતતા, એકઝામ અને એસાઈન્ટમેન્ટ જેવી તમામ બાબતો વિશે કૉલેજ દ્વારા પૂરી કાળજી લેવામાં આવે છે. કલાસરુમ ટીચીંગ, લેટેસ્ટ ટેકનોલોજીથી સજ્જ વર્કશોપ, કોમ્પ્યુટર લેબ, પ્રોજેક્ટ વર્ક, સેમિનાર્સ, વર્કશોપ્સ - જેવી બાબતો વિશે યુનિવર્સિટી પૂરી સજ્જતા ધરાવે છે. જેનો



વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી ઘડતરમાં ગુણવત્તામૂલક ફાયદો થાય છે.

કેન્દ્ર અને ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત એવું યુનિ.નું પોતાનું ઈન્કયુબેશન સેન્ટર હોવાથી સ્ટાર્ટ-અપ્સ માટે વિદ્યાર્થીઓને જરૂરી પ્રોત્સાહન, માર્ગદર્શન મળી શકે છે.

વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ એન્જિનિયરિંગ બને તે માટે એમને ઈન્ડસ્ટ્રીઝ દ્વારા જ ઉત્તમ પ્રેક્ટિકલ તાલીમ મળે અને તેમનું યોગ્ય રીતે હેન્ડ હોલ્ડિંગ થાય તે માટે યુનિવર્સિટી દ્વારા આઈબીએમ, ગૂગલ, મારુતિ-સુઝુકી, જીમ, રેક્ષરોથ, સેપ, નાસકોમ, ઈ-ઈન્ફોચિપ્સ, માઈક્રોફોકસ સોફ્ટવેર યુનિવર્સિટી સાથે ખાસ સહકાર - સહયોગ સાધવામાં આવ્યો છે. એમ એમના દ્વારા યુનિ. કેમ્પસમાં જ 'સેન્ટર ફોર એક્સલેન્સ'ની સ્થાપના કરવમાં આવી છે.

ગણપત યુનિ.ના ડાયરેકટર જનરલ અને વાઈરસ ચાન્સેલર પ્રો.ડૉ. મહેન્દ્ર શર્માએ પણ ખાસ ઓનલાઈન ઉપસ્થિત રહી વાલી-વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની વિશેષ શૈક્ષણિક ગુણવત્તા પુરવાર કરતી સિદ્ધિઓની ઝલક આપી હતી અને વિશેષમાં જણાવ્યું હતું કે 'સ્ટુન્ડ્ટ ફર્સ્ટ' ના અભિગમ સાથે કામ કરતી ગણપત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે 'પ્રેસિડેન્ટ એવોર્ડઝ' અને 'ડીજી એવોર્ડઝ' શરૂ કરવામાં આવ્યા છે. જે દર વર્ષે વિવિધ જ્ઞાનશાખાઓમાં શ્રેષ્ઠ પરિણામ દાખવતાં વિદ્યાર્થીઓને અને ઉત્તમ પરફોર્મન્સ દાખવતા ફેકલ્ટી અને સ્ટાફ મેમ્બર્સને એનાયત કરવામાં આવે છે. અભ્યાસ ઉપરાંત સંશોધન અને વિદ્યાર્થીઓના ચારિત્ર્ય નિર્માણ માટે પણ વિશેષ કાળજી લેવામાં આવે છે. હેલ્થી ફૂટ હેબિટસ, યોગા, સ્પોર્ટસ, કલ્ચરલ અને ક્રિએટીવ એક્ટિવીટીઝ, હેન્ડ હોલ્ડિંગ, મેન્ટરિંગ વગેરે મુદ્દાઓ - અંગે પણ અભ્યાસ જેટલું જ ધ્યાન અપાય છે.

ગણપત યુનિ.ના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે વિદ્યાર્થીઓ સાથે મહત્વપૂર્ણ સંવાદ કર્યો હતો. સાથે કહ્યું હતું કે 'યુ આર ધી ઓન્લી રિઝન, ફોર વીઆર હિયર.' એમને અન્ય યુનિ.થી ગણપત યુનિ. કઈ રીતે વિશે, છે એની વાત કરતા કહ્યું કે, અહીં માત્ર તમારી 'કેરિઅર' નથી બનતી, 'લાઈફ' બને છે. આ અમારું કલ્ચર છે. જીવનના ઉદાત મૂલ્યોને શિક્ષણ સાથે સાંકળીને ગણપત યુનિ.માં વિદ્યાર્થીઓનું ઘડતર થાય છે તેમ જણાવ્યું હતું.

સ્મિત મ્યુઝીકના જયોતિ ગજજર અને ભરત ગજજરે નવરાત્રીએ આઠમના દિવસે ૧૦૮ દિવાની મહાઆરતી કરી ધન્યતા અનુભવી હતી.

સરદાર વલ્લભભાઈ પટેલ : સફળ નેતૃત્વની પ્રેરણામૂર્તિ અંગે રાજયકક્ષાનો વેબીનાર

ચિલોડા,૩૧

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદના માનદ્ નિયામક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના માર્ગદર્શન હેઠળ અને અધ્યક્ષતામાં સરદાર વલ્લભાઈ પટેલ જન્મજયંતિ નિમિત્તે 'સરદાર વલ્લભાઈ પટેલ : સફળ નેતૃત્વની પ્રેરણામૂર્તિ' વિષયક રાજયકક્ષાનો વેબીનાર યોજાયો હતો. જેમાં યુવાનોના પ્રેરણામૂર્તિ સરદાર પટેલ, વિદ્યાર્થીઓ - ગૂજરાત વિદ્યાપીઠ અને સરદાર તેમજ સરદાર અને બંધારણ વિશેનો ગહન વાર્તાલાપ તજજ્ઞ વક્તાઓ જેવા કે પ્રો. ડૉ. હરિભાઈ દેસાઈ, મણીભાઈ પટેલ, પ્રકાશ ન. શાહ દ્વારા



કરવામાં આવ્યો હતો.

કોવિડ-૧૯ સંક્રમણ વેળાએ ઘરે બેઠેલા વિદ્યાર્થીઓએ, ગૂજરાત વિદ્યાપીઠના સાત ગ્રામ સેવા સંકુલના સેવકોએ આ વાર્તાલાપનો ઓનલાઈન ગૂગલ મીટના માધ્યમ દ્વારા લાભ લઈ ૩૧ ઓકટોબરના રાષ્ટ્રીય એકતા દિવસને સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમની રૂપરેખા મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના બીએ એમએ વિભાગના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલએ આપી હતી. રાષ્ટ્રીય સેવાયોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુએ આભાર દર્શન અને સમગ્ર કાર્યક્રમના ઉદ્ઘોષક તેમજ સંચાલક તરીકે ડૉ. દિવ્યેશ ભટ્ટએ કામગીરી કરી હતી. વિશાળ માંગરોલિયાએ તકનીકી સહાય કરી આ રાજયકક્ષાના વેબીનારને સફળ બનાવ્યો હતો.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટી અને કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સીટી દ્વારા એમ.ઓ.યુ. સાઈનીંગ સેરેમની

ગાંધીનગર, તા. ૩૧

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટી અને કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સીટી વચ્ચે એમ.ઓ.યુ. સાઈનીંગ સેરેમની યોજાઈ હતી. કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સીટીના માનનીય કુલપતિ પ્રો.જયરાજસિંહ જાડેજા તથા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટી,ગાંધીનગર ના માનનીય કુલપતિ ડો. અર્જુનસિંહ રાણાની હાજરીમાં યોજાયેલ આ

એમ.ઓ.યુ. સાઈનીંગ સેરેમનીનો મુખ્ય ઉદેશ્ય કચ્છના યુવાધનને રમત ગમત માં આગળ વધવા માટે ટેકનીકલ સપોર્ટ મળે તથા કચ્છના રમતવીરો રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે ઝળકે તે માટે ની યોગ્ય વ્યસ્થા ઉભી કરવી તે છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટીના કુલપતિશ્રી ડો. અર્જુનસિંહ રાણા સ્પોર્ટ્સ ક્ષેત્રમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ખુબ જ લાંબો અનુભવ ધરાવે છે. તેઓ ભારતની નેશનલ ક્રીકેટ ટીમ, ભારત એ તથા ભારતની અન્ડર ૧૯ ક્રિકેટ ટીમના સ્પોર્ટ્સ ફીઝીયોથેરાપીસ્ટ તરીકે જવાબદારી સાંભળી ચૂકયા છે. તેઓ ૨૬ વરસ કરતા વધુ સમયથી સૌરાષ્ટ્ર રણજી ક્રિકેટ ટીમ તથા બીસીસીઆઈ સાથે સંકળાયેલ છે અને ભારતની સ્પોર્ટ્સની ટીમો સાથે દેશ-વિદેશની ટૂર કરી છે. અર્જુનસિંહ રાણા સ્પોર્ટ્સ ફાઉનડેસન વર્કદ્વારા પેરા ઓલમ્પીક ખેલાડીઓને દતક લેવામાં આવે છે હાલ ૬ ખેલાડીઓ આ ફાઉનડેસન દ્વારા દતક લેવામાં આવ્યા છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિર્ડા. અર્જુનસિંહ રાણાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારશ્રી એ મારા પર વિશ્વાસ મુકી મને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું સુકાન સોંપ્યું છે સાથે સાથે ભારતના માનનીય પરમશ્રધ્ધેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના ફીટ ઈન્ડિયા મુવમેન્ટના ગુજરાત રાજયના બ્રાન્ડ એમ્બેસેડર / નોડલ ઓફિસર તરીકે ગુજરાતના નિર્ણાયક મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી સાહેબે જવાબદારી સોંપી છે ત્યારે સમગ્ર ગુજરાતની જનતા ફીટ રહે એ માટે મારે કાર્ય કરવાનું છે અને હું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને નિર્ણાયક મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીના મિશનને દ્રઢ સંકલ્પ લઈને પૂર્ણ કરવા માટે કટિબદ્ધ છુ. કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણા એ ફીટ ઈન્ડિયા મુવમેન્ટ તથા ફીટ ઈન્ડિયા યુથ કલબની સમગ્ર માહિતી અંતર્ગત પ્રતિમાસના કેલેન્ડર અનુસાર કાર્યની વિસ્તૃત માહિતી આપેલ હતી. ફિટ ઈન્ડિયા યુથ કલબની સ્થાપના યુનિવર્સિટી તથા કોલેજના લેવલ પર કરવામાં આવશે અને યુનિવર્સિટી તથા કોલેજના શારીરિક શિક્ષણ ના પ્રાધ્યાપક તેના કોઓર્ડીનેટર તરીકેની ભૂમિકામાં રહેશે અને તમામ વિદ્યાર્થીઓ ફિટ ઈન્ડિયા યુથ કલબના સભ્ય રહેશે. ફિટ ઈન્ડિયા યુથ કલબ મારફતે રાજ્યના દરેક નાગરિક હેલ્ધી લિવિંગ, ઍક્ટિવ લિવિંગ, ઘરે રહીને થઈ શકે તેવી કસરત, સમતોલ અને સાત્વિક આહાર જેવી અત્યંત મહત્વની માહિતી મેળવી શકશે. આ ક્લબ ખાતેથી જુદી જુદી કસરત અંગેની માહિતી પણ મેળવી શકાશે. આ ક્લબ મારફતે વિધાર્થીઓમાં ફિટનેસની જાગૃતતા આવશે અને વિદ્યાર્થીઓ થકી તેમના પરિવાર, રાજ્ય અને રાષ્ટ્ર માં જાગૃતતા ફેલાશે. ફિટ ઈન્ડિયા યુથ ક્લબ ના માધ્યમથી માત્ર કસરત અને યોગ નહિ પણ એકટીવ લિવિંગ અને સાત્વિક પોષણ યુક્ત આહાર બાબતે પણ જાગૃતતા કેળવવાના કાર્યક્રમો હાથ ધરાશે.

વધુમાં કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણાએ "રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ× ની સ્પોર્ટ્સ યોજના "મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ"તથા ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ હેઠળ ચાલતા "ફિટ ઈન્ડિયા ક્વિઝ" વિષે વિગતવાર માહિતી આપીને વધુમાં વધુ વિદ્યાર્થીઓ તેમાં ભાગ લઈને ફિટ ઈન્ડિયા યુથ કલબની પ્રવૃત્તિઓને વેગ આપશે એવો વિશ્વાસ દેખાડ્યો. કુલપતિશ્રી ડૉ. અર્જુનસિંહ રાણાએ અને કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સીટી ના તમામ સ્ટાફ અને ઓનલાઈન માધ્યમથી જોડાયેલા ૩૦૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ફિટ ઈન્ડિયાની ઓથ લેવડાવી હતી અને વિદ્યાર્થીઓને ફીઝીકલ ફીટ અને મેન્ટલ ટફ બનવા અપીલ કરી હતી.

કચ્છ યુનિવર્સીટીના માનનીય કુલપતિ પ્રો. જયરાજસિંહ જાડેજા એ પણ પોતાના વક્તવ્ય દરમિયાન ફીટ ઈન્ડિયા મુવમેન્ટ કચ્છમાં બહુ સારી રીતે પ્રસ્થાપિત થાય એ માટે કચ્છ યુનિવર્સીટી પૂરતા પ્રયત્નો કરશે એમ જણાવ્યું હતું તથા તથા કચ્છના યુવાધન ને સ્પોર્ટ્સના ક્ષેત્રમાં આગળ આવવાની હાકલ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કચ્છ યુનિવર્સીટીના માનનીય કુલપતિ પ્રોફેસર જયરાજસિંહ જાડેજા સાહેબના નેતૃત્વ અને માર્ગદર્શનમાં થયું હતું તેમજ કાર્યક્રમની આભારવિધિ કુલસચિવ ડો. મનીશ પંડ્યા એ કરી હતી અને કાર્યક્રમનું સંચાલન સ્પોર્ટ્સ ડાયરેકટર ડો. જીગ્નેશ તાળા એ સાંભળ્યું હતું.

જન્મદિને વધામણી

પ્રતાપસિંહ વરવાજી રાઠોડ
મો. ૯૭૨૩૩ ૪૯૭૨૧

દિલીપકુમાર જી પ્રજાપતિ
માસ ફાઈનાન્સ, ગાંધીનગર

સોમાભાઈ એન પટેલ
મો. ૯૬૩૮૫ ૭૦૨૮૩

મીરાબેન એસ દવે
મો. ૯૪૨૭૬ ૦૦૩૪૬

વિરેન્દ્રભાઈ મણિયાર
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

દીપ ભટ્ટ
મો. ૮૫૧૧૯ ૨૪૯૨૩

જૈનિલ ચિરાગ ગોહેલ
મો. ૭૮૭૮૦ ૨૪૬૫૬

પ્રાર્થના સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫

હેત મનીષભાઈ રૂપાપરા

માસ્ક પહેરો... કોરોનાથી બચો...

સી.એચ.એસ.એલ પરીક્ષામાં પી.ડબલ્યુ.ડી ક્વોટા વિષે માહિતી આપશો

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ
હાર્દિક કે પરીખ

નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

૧. હું હાલ ડિપ્લોમા કરું છું. ડી.ફાર્મના કોર્સ વિષે માહિતી આપશો.

- હિતેષ સોની, ગાંધીનગર

ફાર્મ.ડી અથવા ડોક્ટરેટ ઓફ ફાર્મસી એ એ ફાર્મસી ફિલ્ડ નો એક કોર્સ છે.જે કુલ ૬ વર્ષ એટલે કે ૫ વર્ષ સંસ્થાકીય શિક્ષણ તથા ૧ વર્ષ ઈંટરશિપ બાદ આપ આ ડોકરેટ ની પદવી હાંસલ કરી શકો છો.આ માટે આપે ધોરણ ૧૨ સાયન્સ બાયોલોજી અથવા બાયોલોજિ અને ગણિત બંને સાથે પાસ

કરેલ હોવું જરૂરી છે.અથવા આપ ડિપ્લોમા ફાર્મસી કર્યા બાદ પણ આ કોર્સ કરી શકો છો.આપ આ કોર્સ ૩ વર્ષ માં પણ કરી શકો છો જો આપે બી.ફાર્મ માં સ્નાતક ની ડિગ્રી મેળવેલ છે તો.આ કોર્સ કર્યા બાદ આપ રિસર્ચ સાયંટિસ્ટ તરીકે કાર્યરત થઈ શકો છો. આ ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને સંશોધન અને વિકાસ, ગુણવત્તા ખાતરી અને સુધારણા, આરોગ્ય સંભાળ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં તકનીકી પ્રગતિ જેવી વ્યાપક તકો મળે છે. ફાર્મ.ડી ડિગ્રીધારકોને ફાર્માસ્યુટિકલ કંપનીઓના આર એન્ડ ડી , ઉત્પાદન વિકાસ, તકનીકી અને માર્કેટિંગ વિભાગમાં તકો મળે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

૨. મે આ વર્ષે જ બી.કોમ પાસ કરેલ છે. મને સરકારી ક્ષેત્રમાં જોડાવાનો રસ છે. એ માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા વિષે માહિતી આપશો.

- અપૂર્વ વાઘેલા, સુરેન્દ્રનગર

તમારા કરિયર વિષેની જાગૃતિ જોઈ ને ખૂબ આનંદ થાય છે. તમે બી.કોમ પાસ કરી

દીધેલ છે એટ્લે કે આપ સ્નાતક થઈ ચૂક્યા છો એટ્લે તમે મોટાભાગની બધીજ પરીક્ષા આપી શકશો જેમાં લાયકાત એક સ્નાતક (ગ્રેજયુએટ)ની હોય છે. સરકારી નોકરીને આપણે બે ભાગમાં સમજી શકીએ. એક રાજ્ય સરકાર અને બીજી કેન્દ્ર સરકાર. રાજ્ય સરકારની વાત કરીયે તો જી.પી.એસ.સી દ્વારા તમે ક્લાસ ૧ અને ક્લાસ ૨ અફસર તમે બની શકો છો. તેના સિવાય તમે બિન સચિવાલય ક્લાર્ક, જૂનિયર ક્લાર્ક, હાઈ કોર્ટ ક્લાર્ક, તલાટી, ડેપ્યુટી મામલતદાર જેવી વર્ગ ૩ (ક્લાસ ૩) ની પરીક્ષા આપી શકો છો. રાજ્ય પોલિસમાં તમે કોંસ્ટેબલ, પી.એસ.આઈ., એ.એસ.આઈ. અને પી.આઈ. જેવી જગ્યાઓ માટે પરીક્ષા આપી શકો છો. કેન્દ્ર સરકાર માટે તમે એસ.એસ.સી.(સ્ટાફ સિલેકશન કમિશન) દ્વારા લેવાતી પરીક્ષાઓ આપી શકો છો. તદુપરાંત યુ.પી.એસ.સી દ્વારા લેવાતી સિવિલ સર્વિસિસની પરીક્ષા દ્વારા તમે આઈ.એ.એસ, આઈ.પી.એસ., વિગેરે જેવી પ્રતિષ્ઠિત જોબ પણ મેળવી શકો છો. અમુક અર્ધ સરકારી (સેમી-ગવર્નમેંટ) પરીક્ષાઓ જેમકે આઈ.બી.પી.એસ. (રાષ્ટ્રીયકૃત બૅંક માટે), એસ.બી.આઈ અને આર.બી.આઈ. જેવી પરીક્ષાઓ પણ તમે આપી શકો છો.એ સિવાય આપે બી.કોમ કરેલ છે તો આપ વાણિજ્ય ક્ષેત્રને લગતી ભરતીમાં પણ અરજી કરી શકો છો જેમકે ઈકમ ટેક્સ ઓફિસર અથવા સ્ટેટ ટેક્સ ઈન્સ્પેકટર વગેરે. અમે તમારું ધ્યાન ભારતીય લશ્કરી દળો તરફ પણ દોરવા માંગીશું. ૧૦/૧૨/સ્નાતક (ગ્રેજયુએટ) થયા પછી તમે ભારતીય લશ્કરી દળોમાં પણ નોકરી મેળવી શકો છો. લશ્કરી દળમાં જોડાવાથી દેશને સેવા આપવાનો એક મોકો મળે છે. અફસરી જગ્યાઓ માટે સી.ડી.એસ., એ.એફ.સી.એ.ટી. (લશ્કરી દળો માટે) અને સી.એ.પી.એફ (અર્ધ લશ્કરી દળો માટે) જેવી પરીક્ષાઓ આપવાની હોય છે. શુભકામનાઓ.

૩. મને સી.એચ.એસ.એલ પરીક્ષા વિષે માહિતી આપશો. હું આ પરીક્ષામાં પી.ડબલ્યુ.ડી ક્વોટામાં ફોર્મ ભરવાનો છું. આ ક્વોટામાં કટ ઓફ કેટલું રહે છે. એ વિશે પણ માહિતી આપશો.

- કીર્તન પટેલ, ગાંધીનગર

એ જાણીને આનંદ થયો કે આપ કોઈ એક પરીક્ષા અને

ટાર્ગેટ કરીને તૈયારી કરી રહ્યા છો. આપને જણાવવા માંગીએ છીએ કે સી એચ એસ એલ એટલે કે કમબાઈન્ડ હાયર સેકન્ડરી લેવલ ની પરીક્ષા સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા લેવામાં આવે છે જેની લાયકાત ધોરણ ૧૨ પાસ હોય છે આવે આપને જણાવવા માંગીએ છીએ કે આ પરીક્ષા માટે આપે જે ક્વોટા માટે ફોર્મ ભરેલ છે તેમાં કટ ઓફ આશરે સો માર્ક્સ માંથી ૨૫ થી ૩૦ માર્કસ આસપાસ રહે છે. હવે આ પરીક્ષામાં મુખ્યત્વે જનરલ નોલેજ લોજીકલ રીઝનીંગ તથા અંગ્રેજી વિષયમાંથી પ્રશ્નો પૂછવામાં આવે છે તો આપને જણાવવા માગું છું કે આ વિષયોમાંથી આપ જનરલ નોલેજ અને લોજીકલ રીઝનીંગ માંથી વધુમાં વધુ માર્કસ મેળવી શકો છો. રીજનીંગ માં ખાસ કરીને ક્લોક્સ અને કેલેન્ડર, ડાયરેક્શન બ્લડ રિલેશન, કોડિંગ ડીકોડિંગ જેવા ચેપ્ટર તૈયાર કરીને આપ આસાનીથી વધુ માર્કસ મેળવી શકો છો તથા અંગ્રેજી માટે આપે અંગ્રેજી ન્યૂઝપેપર તથા અંગ્રેજી ગ્રામર ના અમુક નિયમ તૈયાર કરીને અંગ્રેજી વિષયમાં વધુ માર્કસ મેળવી શકો છો તથા ગણિત માટે વધુ પ્રેક્ટિસ અને રિપીટેશન મહત્વનું રહે છે. જનરલ નોલેજ માટે આપ ખાસ કરીને વર્તમાન પ્રવાહ પર વધારે ધ્યાન રાખવાનું રહેશે જેના માટે આપ રોજ ન્યુઝ પેપર વાંચન તથા જે તે મેગેઝિન નું વાંચન કરી શકો છો. આ પ્રમાણે સમયસર ટાઈમ ટેબલ બનાવીને અને તેને અનુસરીને એ પ્રમાણે વિષયવાર તૈયારી કરતા આપ જરૂરથી આપણું ધાર્યું પરિણામ મેળવી શકો છો. ઓલ ધ બેસ્ટ!

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

"શરદ પૂનમના દિવસે બાળકો ગરબે ઝૂમ્યા"

ગાંધીનગર, તા. ૩૧

સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ અને ગાંધીનગરના બાળકોને પોલીસ પરમિશન અને સામાજિક અંતર જાળવીને શરદ પૂનમના દિવસે ગરબા કરવામાં આવ્યા. બાળકો સાથે મોટા લોકો પણ ઉપસ્થિત રહી ગરબે ઘુમ્યા હતા. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ અને આનંદ પારેખ, સાથે અહિયાં મહેમાનશ્રીઓ ચાંદનીબેન નેભનાણી, ભાવિનભાઈ સોલંકી, ઉમેશભાઈ સથવારા, નીતિન રાજપૂત, પ્રીન્સી પટેલ, ઉપસ્થિત રહી માતાજીની આરાધના કરી હતી. સરદ પૂર્ણિમાનો મહિમા સમજાવ્યો, અને છોકરીઓને થતી સમસ્યા વિશે વાત કરી હતી અને તેમને કેવા કેવા પ્રોબ્લેમ ફેસ કરવા પડે છે તેનાથી પહોચી વળવા તેમને સચોટ માર્ગદર્શન આપ્યું હતું.